મધ્યાહ્ન ભોજન યોજનાના કેન્દ્રોના ૫૦
કિચનશેડનું આધુનિકરણ કરવાની યોજનાની
વહીવટી મંજૂરી આપવા બાબત.
સને ૨૦૧૪-૧૫:નવી બાબત.(સ્ટેટ-પ્લાન)

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંકઃ-મભય/૧૦૨૦૧૪/૨૧૫/૨,
સચિવાલય, ગાંધીનગર
તા.૦૬/૧૨/૨૦૧૪.

વંચાણે લીધાઃ-

(૧) ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલયના તા.૧૫/૦૪/૨૦૧૪ના ના અ.સ પત્ર ક્રમાંકઃનં.૭-૧૩/૨૦૧૩-ઇઇ.૬/(એમડીએમ ૩-૧)

(૨) શિક્ષણ વિભાગનો તા.૨૩-૯-૨૦૧૪ ના સરખા ક્રમાંકનો ઠરાવ.

(૩) કમિશનરશ્રી, મ.ભો.યો.ના તા.૧૧/૧૧/૨૦૧૪ના પત્ર ક્રમાંકઃ મભય/અમલ/કીચનશેડ/૧૪- ૧૫/૧૦૯૩૮.

સુધારા ઠરાવઃ-

સંદર્ભ-(૨) માં દર્શાવેલ શિક્ષણ વિભાગના તા.૨૩-૯-૨૦૧૪ ના ઠરાવથી સને-૨૦૧૪-૧૫ માં નવી બાબતે મધ્યાહ્ન ભોજન યોજનાના કીચન શેડનું આધુનિકરણ કરવાની યોજના માટેની જોગવાઇ પૈકી ઓછામાં ઓછી રૂ.૨.૭૫ કરોડ (અંકે રૂપિયા બે કરોડ પંચોતેર લાખ પુરા) અને વધુમાં વધુ રૂ.૩.૦૦ કરોડ (અંકે રૂપિયા ત્રણ કરોડ પુરા)ની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. સંદર્ભ-(૩)માં દર્શાવેલ કમિ.શ્રી, મ.ભો.યો.ના તા.૧૧-૧૧-૨૦૧૪ ના પત્રથી આ યોજનાનો અમલ સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષણ પરિષદ, ગાંધીનગર દ્વારા કરવાનો હોઇ, આ અંગેની ગ્રાન્ટ તે કચેરીના હવાલે મુકવાની રજૂઆત કરવામાં આવેલ છે જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે સને-૨૦૧૪-૧૫ માં નવી બાબતે મધ્યાહ્ન ભોજન યોજનાના કીચન શેડનું આધુનિકરણ કરવાની યોજનાની ગ્રાન્ટ સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષણ પરિષદ, ગાંધીનગરને હવાલે મુકવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

શિક્ષણ વિભાગના તા.૨૩-૯-૨૦૧૪ ના સરખા ક્રમાંકના ઠરાવની શરતો અને બોલીઓ યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા૦૧/૧૨/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.પી. પટેલ)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

-- માન.શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.

-- માન. રા.ક. મંત્રીશ્રી શિક્ષણના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.

-- અધિક મુખ્ય સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર

-- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર
-- કમિશનરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
-- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી,સર્વ શિક્ષા અભિયાનની કચેરી,સેકટર-૧૭,ગાંધીનગર
-- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- બજેટ શાખા નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
-- બજેટ શાખા ,નાણા શાખા શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબ સાઇટ ઉપર મુકવા સારૂ.)
-- ના. સે. અ. સિલેકટ ફાઇલ,
-- સિલેકટ ફાઇલ.